વહેલી સવારે ઈશાન જાગી ગયો.

એક ઉપર એક ત્રણ પાટિયાં હતાં. વચ્ચેના પાટિયાવાળો માણસ ઊઠે નહીં ત્યાં લગી બેસી શકાય નહીં. સૂઈ જ રહેવું પડે. અગર પછી આસ્તેથી સરકી જવાનું અને ઊભા રહેવાનું. એય કંઈ સહેલું નહોતું અને મુંબઈ આવવાને હજી ઘણી વાર હતી.

કોઈએ બારી ખુલ્લી રાખી હતી. અજાણ્યા નિર્જન પ્રદેશનો વાયુ ગાડીની ગતિથી વીંધાઈને આક્રોશપૂર્વક આગળ ધસી આવતો હતો. એની તીવ્ર થપાટો ટુકડા-ટુકડા થઈને વાગતી હતી. પૈડાંની અવિરત એકધારી ગતિ સૂતેલાં શરીરોને નિર્મમતાથી હલબલાવતી એક કર્કશ તાલબદ્ધ અવાજમાં લીન થઈ જતી હતી.

ઈશાન એમ ને એમ પડી રહ્યો. એક મોટી ફલાંગ મારીને આઘેના ભૂતકાળને પકડવા મથતા મનને જે કરવું હોય તે કરવા દીધું. ક્યારેક કંઈ હાથમાં આવી જતું, તો ક્યારેક હાથ ઘસીને બેસી રહેવું પડતું. ઈશાન આશ્ચર્યથી મનની આ બધી ચેષ્ટા નીરખ્યા કરતો હતો. એકાએક એની છાતી પાસે કાળા પાટલૂનવાળા બે ભારે પગ લંબાયા અને હવામાં સહેજ ઝૂલીને એની ચાદર પર પડ્યા. સૌથી ઉપરના પાટિયાવાળો માણસ ઊઠ્યો હતો. મોટો શ્વાસ લઈને એણે પોતાનું ગંજાવર શરીર નીચે આણ્યું અને ઈશાનને અઢેલીને એ અધૂકડો બેઠો. ચંપલ શોધીને પહેર્યાં પછી એ પાછો ઊભો થયો અને આસ્તેથી ડબ્બાના છેડા ભણી ચાલવા લાગ્યો.

એનો એ સ્વાભાવિક સ્પર્શ ઈશાનને ઘણો જ અસહ્ય લાગ્યો. એને થયું કે મારે હમણાં ને હમણાં ગમે તે રીતે સ્નાન કરી લેવું જોઈએ. આ ચાદર, આ કપડાં - બધું તરત ધોઈ નાખવું જોઈએ, ચોખ્ખી હવામાં સૂકવી દેવું જોઈએ, પરંતુ એ તો ટ્રેનના ડબ્બામાં હતો. અને ટ્રેન ઈશાનના મનની લેશ પણ પરવા કર્યા વિના મુંબઈ તરફ ભાગતી હતી.

થોડી વારે પેલો પાછો આવ્યો અને વચલા પાટિયાવાળાને હલાવીને કહેવા લાગ્યો, “ચલો, સુલેમાન, થોડી દેરમેં બોરીવલી આ જાયેગા.” સુલેમાનને ઊઠવું નહોતું. એણે સૂતાં-સૂતાં જ કહ્યું, “અભી તો વિરાર કા પુલ ભી નહીં આયા!”

"નહીં આયા તો આયેગા, તૂ ઊઠ તો સહી."

બગાસું ખાતો-ખાતો સુલેમાન ઊઠ્યો એટલે એનું પાટિયું નીચે પાડી શકાયું ને ત્રણે જણ નીચેના પાટિયા પર બેઠા. ઈશાન બારી પાસે હતો એટલે આછા અજવાળામાં દૂરની ક્ષિતિજે ધરેલા અવનવા આકાર જોઈ શકતો હતો. પેલા બે પોતાની વાતોમાં ગૂંથાયા હતા. એટલામાં સામેના પાટિયા પર સૂતેલી બાઈનું બાળક રડવા લાગ્યું. ઉપરથી કર્કશ અવાજ આવ્યો, "એને છાનો રાખ!" બાઈ આજ્ઞાંકિતપણે બાળકને થાબડવા લાગી અને "સૂઈ જા હોં!" એવું કહેવા લાગી, પણ બાળકને તો રડવું જ હતું. આખરે પુરુષ ઊઠ્યો અને બીડી ચેતાવી લીધા પછી બાળકને વઢવા લાગ્યો, "મોઢું બંધ કર! હમણાં ને હમણાં બંધ કર, નહીં તો આ દરિયામાં નાખી દઈશ!"

વિરારની ખાડી હતી. વિશાળ પ્રલંબ જલરાશિ. આથમતા ચંદ્રનું અને ઊગતા પ્રભાતનું અજવાળું ભેગું મળીને હાલકડોલક થતા પાણી પર તેજની ચાદર પાથરતું હતું. કેટકેટલાં જળચર જીવજંતુ આની અંદર જન્મી જીવીને જતાં રહેતાં હશે! તેમનું આ જ વિશ્વ! નક્કર જમીન કે વાયુમય અવકાશનું તેમને સ્વપ્નું પણ નહીં. ઈશાન મન પરોવીને એ તરફ જોઈ રહ્યો હતો. વળી વિચાર આવ્યો, કોને ખબર છે ધરતી પરનાં જીવજંતુઓ માટે પણ કોઈક ઉપર રહીને આવું જ નહીં વિચારતું હોય? દયાથી નહીં જોતું હોય?

ખુલ્લી બારીમાંથી ચીકણી ખારી વાસ અંદર ધસી આવી. પુલ પૂરો થઈ ગયો હતો. કાંઠાનો કાદવ કદાચ મરેલાં શંખલાં, છીપલાં અને માછલાં સંઘરીને પડ્યો હશે. નજર ઠરે – ન ઠરે એટલામાં દૃશ્ય સરી જતું હતું. વળી પાછો ભૂમિખંડ, વળી પાછો જલરાશિ, ધનનન ધનનન ધિનક ધિનક કરતી આગળ ને આગળ ચાલી જતી ટ્રેન! ઈશાનના મનમાં અજંપો થવા લાગ્યો : આ બધું શું થઈ ગયું? પોતે ક્યાં આવી પડ્યો?

બોરીવલી આવતાંમાં અરધો ડબો ખાલી થઈ ગયો. પ્લૅટફૉર્મ પરના ચહેરાઓમાં મૈત્રીભાવ નહોતો. કોઈ ઉપેક્ષાથી, કોઈ ધંધાની કામનાથી, તો કોઈ તુચ્છકારથી બારીના સળિયા પાછળ પુરાયેલા માણસો સામે જોઈ રહ્યા હતા. ઈશાન સહેજ સંકોચ પામીને બારીથી દૂર ખસ્યો. હજી તો દાદર આવશે, પછી બૉમ્બે સેન્ટ્રલ. ત્યાં લગી અહીં આમ જ બેસી રહેવું પડશે. બેએક ડચકાં ખાઈને ગાડી પાછી ઊપડી. લાગ્યું કે આ કોઈ બીજું જ શહેર છે. પોતે ભૂલેભૂલે અહીં આવી ચડ્યો છે. પંદર વરસ પહેલાં ક્યાં હતું આ બધું? મોટાં-મોટાં સિમેન્ટનાં ડબલાં. એકબીજા સાથે કશી લેવાદેવા નહીં. ધરતી કેટલી ભારે મરે

છે, ક્ષિતિજરેખા કેટલી બધી ચહેરાઈ-ચૂંથાઈ ગઈ છે, તેનીયે કશી તમા નહીં, માત્ર રહેઠાણના ખડકલા!

આમાંથી મારગ કરવો પડશે, આવી જ કોઈક બખોલમાં જઈને સંતાવું પડશે. શું થશે ઈશાનનું? પણ હવે તો એક જ ગતિ હતી પોતાની પાસે. આગળ, આગળ, આગળ ઊંધે માથે દોટ મૂકતી ગાડીની સાથે જ પોતાનું ભાવિ સંકળાયું હતું. ભૂતકાળ ખૂબ દૂર રહી ગયો હતો. આશ્ચર્યચકિત થઈને તે બારીની બહાર જોતો રહ્યો, જૂના મુંબઈને શોધતો રહ્યો અને સામેથી જતી લોકલ ટ્રેનોમાં તથા પ્લૅટફૉર્મ પર અત્યારના પહોરમાં ઊભરાતા પાર વિનાના જાતજાતના લોકોને શૂન્ય દૃષ્ટિથી જોતો રહ્યો.

સેન્ટ્રલ સ્ટેશન પર ઊતરીને એ થોડી વાર ઊભો રહ્યો. કોઈ લેવા આવે એવી કંઈ આશા હતી નહીં, પણ આ ઘમસાણ, આ ગિરદીમાં પોતે ખરેખર શું કરવું જોઈએ તેની એને સમજ પડતી નહોતી. આખરે નાનો થેલો ખભા પર ભેરવીને મોટો થેલો હાથમાં ઊંચક્યો. પુસ્તકનો ભાર માત્ર મગજને નહીં, હાથને પણ લાગે છે. અવારનવાર હાથ બદલતો તે સ્ટેશનની બહાર નીકળ્યો અને સરનામાનો કાગળ આગળ ધરી ટૅક્સીવાળાની મહેરબાની મેળવવાની કોશિશ કરવા લાગ્યો. પાંચમા ટૅક્સીવાળાએ ઉદારતાથી પાછલું બારણું ખોલીને એને અંદર લીધો.

ટ્રેનમાંથી જે શહેર અજાણ્યું લાગતું હતું તે રસ્તા પરથી તો છેક જ નવું અને વિચિત્ર લાગવા માંડ્યું. બધું જાતજાતનું જોઈ-સાંભળી-સૂંઘીને જાણે મગજ બહેર મારી જતું હતું. જેમતેમ કરીને એ બેસી રહ્યો.

આખરે ટૅક્સી ઊભી રહી. મીટર જોઈને પૈસા આપવા જતા ઈશાનને તુચ્છકારથી રોકીને ટૅક્સીવાળાએ કાર્ડ સામે ધર્યું. ઓહોહો! આટલા બધા પૈસા? પણ આપવા પડ્યા. મકાનનું નામ બરાબર જોઈ લીધું. 'પદ્મરાગ', પાંચમે માળે, આશુતોષ પરીખ. આ જ સરનામે કાગળપત્રનો વ્યવહાર ચાલતો હતો. લિફ્ટમાં ઉપર જઈને બારણાની ઘંટડીનું બટન દબાવ્યું. સંગીતનો એક લાંબો લટકો સંભળાયો અને એના ઘોષ શમે એ પહેલાં બારણાની નાનકડી બારી ખૂલી. કોઈએ એની સામે સાવધાનીભરી નજર નાખી, પછી સાંકળ ખસવાનો, સ્ટૉપર ખૂલવાનો અને ભારે કડી ઊંચકવાનો અવાજ આવ્યો. બારણું છ-એક ઇંચ ખૂલ્યું અને પાછું વસાઈ ગયું.

"તમે જ જુઓ ને!" કોઈ સ્ત્રીનો અવાજ સંભળાયો.

જરા વાર પછી બારણું પાછું ખૂલ્યું. આશુતોષે તીક્ષ્ણ નજરે એને માપી લીધો. પછી પાછળ ખસીને બારણું ખુલ્લું રહેવા દીધું. કદાચ આટલો આવકાર જ પૂરતો હતો. ઈશાન અંદર આવ્યો અને બે ડગલાં ચાલીને ઊભો રહી ગયો.

આશુતોષને લાગ્યું કે એણે કંઈક બોલવું જોઈએ - કંઈક પોતે બંધાઈ ન જાય એવું. ન આવકાર ને ન જાકાર એવું કંઈક. એ દાઢીમૂછ અને લાંબા વાળ વિનાના ઈશાન સામે જોઈ રહ્યો અને બોલ્યો, "ટ્રેન ટાઇમસર હતી, નહીં?"

"હા."

"અરે, સીતારામ, આમને રૂમ બતાવ ને! અને સામાન... બીજો કંઈ સામાન છે?"

"ના આટલો જ."

"હું."

સીતારામે રૂમ બતાવ્યો, નાનો સોફા-કમ-બેડ, ભીંતમાં એક કબાટ, એક ખૂણામાં ટેબલ-ખુરસી, માથા પર પંખો અને એક બારી. બીજું શું જોઈએ?

"બાથરૂમ અહીંયાં છે. સાબુ-ટૉવેલ બધું મૂકેલું છે."

"વારુ!" કહી ઈશાને બારણું બંધ કરી દીધું, સીતારામ પોતાના કામે ચાલ્યો ગયો.

આશુતોષે ટેલિફોનનું ડાયલ ફેરવવા માંડ્યું હતું. સામે રીમા સાશંક નજરે ઊભી-ઊભી ધ્યાન રાખતી હતી. ઘણી વાર પછી નંબર લાગ્યો.

"અર્ણવ! એ આવી ગયો છે!"

"હેં? કેવો લાગે છે? શું કંઈ બોલ્યો – કેટલું રહેવાનો છે, શું કરવાનો છે?"

"ના. મેં પૂછ્યું પણ નથી."

"બરાબર."

"આ કંઈ મારા એકલાની જવાબદારી નથી, સમજે છે ને?"

"હા, પણ તમે મોટા–"

"તેથી શું થઈ ગયું? તું આવે છે ને?"

"અં... સાંજે રાખીએ તો? મારે આજે ઑફિસમાં ખરેખર બહુ કામ છે. એમ કરીએ, સાંજે ક્લબમાં મળીએ, થોડી વાતચીત કરી લઈએ, પછી તમારે ઘેર જઈએ."

"પછી સાથે જ વાત કરીશું. ધેટ વિલ બી બેટર!"

"ઓ.કે., સાડા છએ?"

"ફાઇન!"

"વારુ ત્યારે."

આશુતોષે સહેજ મૂંઝાઈને રીમા સામે જોયું. એને ખબર હતી, રીમાને આ વાત પસંદ નહીં આવે, પણ બીજું શું થઈ શકે? જરાક ખોંખારો ખાઈને એણે કહ્યું, "આજનો દહાડો ભલે આરામ કરતો. રાતે વિચાર કરીશું."

રીમાએ ખભા ઉલાળ્યા. એ એવું બતાવવા માગતી હતી કે આ આખી વાત સાથે એને કશી નિસબત નહોતી. આખરે તો આ બંને ભાઈઓનો પ્રશ્ન હતો. એ લોકોને જે કરવું હોય તે કરે. એમણે માત્ર એટલું યાદ રાખવું જોઈએ કે આ ઘર રીમાનું હતું અને એ કોઈને અહીં કાયમ ખાતે રાખવા તૈયાર નહોતી.

કલાક પછી સીતારામ ચાની ટ્રે એમ ને એમ પાછી લઈને આવ્યો ત્યારે એને ગુસ્સો આવ્યો, છતાં લાગ્યું કે પોતે પણ એક વાર ડોકિયું કરી આવવું જોઈએ, ખબરઅંતર પૂછવા જોઈએ.

રૂમને બારણે ટકોરા મારીને એ ઊભી રહી. બારણું ખૂલ્યું એટલે અંદર જઈને પૂછ્યું.

"કેમ? ચા નથી પીવી?"

"ના."

સોફા પર બેસીને શાંતભાવે જમીન સામે જોઈ રહેલા ઈશાન તરફ રીમાએ ક્યાંય લગી જોયા કર્યું. કંઈ શબ્દો સૂઝતા નહોતા. આખરે એણે કહ્યું, "લન્ચ એક વાગ્યે છે."

ઈશાને નજર સહેજ ઊંચી કરી. આ બાબતમાં કંઈ કહેવા જેવું તેને લાગ્યું નહીં. એક માહિતી મળી. મગજમાં સંઘરી લીધી. વાત પતી ગઈ.

"તમે ટેબલ પર આવશો કે અહીં મોકલી આપું?"

"આવીશ."

બસ, પછી તો ઊભા રહેવાનું કોઈ કારણ નહોતું. રીમાએ સહેજ હસવાનો પ્રયત્ન કર્યો, પણ તેની સામે કોઈ જોતું નહોતું. ચાટ પડીને તે બહાર ચાલી ગઈ. પાછળ બારણું વસાઈ ગયું.

ડ્રૉઇંગરૂમમાં ગાલીચા પર પડ્યો-પડ્યો કરણ વીડિયોગેમ રમતો હતો. એના પર હદ બહારનું ચિડાઈને રીમા બોલી, "કેમ, આજે કૉલેજ નથી?"

"હજુ તો બહુ વાર છે."

"તેથી શું થઈ ગયું? ચાલ, ઊઠ! નાહી લે."

"મિહિકા ગઈ છે."

"મોટા ગેસ્ટરૂમમાં જા. ઊઠ, જલદી કર."

"ઓ.કે." કહી કરણ ઊઠ્યો. સત્તર વરસનો કોઈ કહે નહીં એવો લાંબો-પહોળો દેખાતો હતો. મોં ઘાટીલું, ગોરો રંગ અને આંખોમાં અપાર કુતૂહલ.

"આઇ સે, મમ્મી..."

"શું છે?"

"હું અંદર જાઉં?"

"કરણ!"

"પણ મારે એમને જોવા છે."

"મેં તને શું કહ્યું હતું?"

"મમ્મી. પ્લી...ઝ!"

"નથિંગ ડુઇંગ. ચાલ તૈયાર થઈ જા." કહી રીમા થોડું ચાલીને એકાએક પાછી ફરીને કરણ સામે એકીટશે જોવા લાગી. કરણ બોલવા જતો હતો, પણ માંડી વાળી નાહવા જતો રહ્યો.

રીમાને સૌથી મોટી ચિંતા આ જ હતી. એણે આશુતોષને કેટલીયે વાર સમજાવ્યું હતું કે ઈશાનની છોકરાંઓ પર સારી અસર નહીં થાય. ભણવામાં એ લોકોનું મન નહીં લાગે અને પરીક્ષાઓ પાસે આવતી હોય ત્યારે તો બેધ્યાનપણું ચાલે જ નહીં ને? આશુતોષ બધું ધ્યાનથી સાંભળી લઈને એક જ જવાબ આપતો, "જોઈએ!"

ઘણી વાર છોકરાંઓ લન્ચ વખતે ઘેર આવતાં નહીં. કૉલેજથી બારોબાર ક્યાંક નહીં ને ક્યાંક ઊપડી જતાં, પણ આજે તો એક ને ટકોરે હાજર થઈ ગયાં. મિહિકા બહુ રૂપાળી હતી. હજી તો માંડ પંદર પૂરાં થયાં હતાં. એટલામાં છોકરાઓ એની આસપાસ ભમવા લાગ્યા હતા. જુનિયર કૉલેજના પહેલા વરસમાં આ દશા હતી તો આગળ ઉપર કોણ જાણે શું થશે! રીમાને ક્યારેક ડર લાગતો, તો ક્યારેક અભિમાનથી વિચારતી, "છોકરી કેવી રૂપાળી છે! લોકોને ત્યાં તો નર્યા સીસમના ટુકડા પાકે છે!"